# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં સોનમર્ગ ટનલનું ઉદઘાટન કર્યુ
2) આજથી પ્રયાગરાજમાં મહાકુંભનો શુભારંભ .. ત્રિવેણી સંગમમાં અત્યાર સુધીમાં 60 લાખથી વધુ શ્રદ્ધાળુઓની આસ્થાની ડુબકી
3) વિદેશ મંત્રી એસ. જયશંકર આજથી બે દિવસની સ્પેન યાત્રાએ
4) મધ્ય યમનના અલ બાયદા પ્રાંતમાં એક ગેસ સ્ટેશન પર થયેલા વિસ્ફોટમાં, 15 લોકોના મોત - 67 ઘાયલ
5) આજથી દિલ્હીમાં પ્રથમ ખો-ખો વિશ્વકપની શરૂઆત થશે

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - SONAMARG TUNNEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ આજે જમ્મુ અને કાશ્મીરમાં સોનમર્ગ ટનલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. અને ટનલ ના માર્ગનું નિરીક્ષણ કર્યું. આ ટનલ દ્વારા તમામ ઋતુઓમાં શ્રીનગરથી સોનમર્ગ સરળતાથી જઈ શકાશે. શ્રી મોદીએ બાંધકામ ક્ષેત્રનાં શ્રમિકો સાથે સવાંદ કર્યો હતો. લગભગ 6.5 કિલોમીટર લાંબી સોનમર્ગ ટનલ પ્રોજેક્ટ 2 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવી છે.

સોનમર્ગ ટનલથી ગાંદરબલ જિલ્લાનાં ગગનગીર અને સોનમાર્ગ વચ્ચેનું અંતર ઘટીને માત્ર 20થી 25 મિનિટ થઈ જશે અને સમગ્ર વર્ષ દરમિયાન રોડ માર્ગે લડાખ જવામાં સરળતા રહેશે.

**આ ટનલને કારણે ભુસ્ખલન અને હિમશીલાથી અસરગ્રસ્ત રોડને બાયપાસ કરીને વ્યૂહાત્મક રીતે મહત્વના લડાખ પ્રાંત સુધી વિના વિઘ્ને પહોંચી શકાશે.**

**આ ટનલને કારણે સમગ્ર વર્ષ દરમિયાન સોનમર્ગમાં પ્રવાસન ચાલુ રહેશે, જે શિયાળુ પર્યટન, એડવન્ચર સ્પોર્ટ્સ અને સ્થાનિક લોકોની રોજગારીને પ્રોત્સાહન આપશે.**

**આ પ્રસંગે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નિતિન ગડકરી, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબદુલ્લા પણ ઉપસ્થિત રહ્યા હતા.**

. . . . . . . . . . . . . . .

**PM-IMD**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મિશન મૌસમનો પ્રારંભ કરાવશે. જેનો ઉદ્દેશ્ય દેશને હવામાન માટે તૈયાર કરવાનો અને આબોહવા પ્રત્યે સ્માર્ટ રાષ્ટ્ર બનાવવાનો છે. આ મિશનનો ઉદ્દેશ્ય અત્યાધુનિક હવામાન દેખરેખ તકનીકો અને પ્રણાલીઓ વિકસાવીને, ઉચ્ચ-કક્ષાના વાતાવરણીય  અવલોકનો, આગામી પેઢીના રડાર અને ઉપગ્રહો અને ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટર્સનો અમલ કરવાનો છે.

શ્રી મોદી  આવતીકાલે નવી દિલ્હીમાં ભારતીય હવામાન વિભાગના 150મા સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે  મિશન મૌસમની શરૂઆતકરાવશે. તેઓ આબોહવા સ્થિતિ સ્થાપકતા અને આબોહવા પરિવર્તન અનુકૂલન માટે IMD વિઝન-2047નો દસ્તાવેજ પણ બહાર પાડશે. જેમાં  હવામાનની આગાહી, હવામાન વ્યવસ્થાપન અને આબોહવા પરિવર્તન શમન યોજનાઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# PM MAHARASTRA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની મહારાષ્ટ્રની મુલાકાત દરમિયાન  બુધવારે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ત્રણ ફ્રન્ટલાઈન નૌકાદળ લડાયક જહાજો INS સુરત, INS નીલગિરી અને INS વાઘશીરને તેમના કમિશનિંગ પ્રસંગે રાષ્ટ્રને સમર્પિત કરશે. ત્રણ મુખ્ય નૌકાદળ લડાયકોનું કમિશનિંગ સંરક્ષણ ઉત્પાદન અને દરિયાઈ સુરક્ષામાં વૈશ્વિક સ્તરે  ભારતને પ્રથમ હરોળમાં મૂકવાના દ્રષ્ટિકોણને સાકાર કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું  દર્શાવે છે.

**P15B ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોયર પ્રોજેક્ટનું ચોથું અને અંતિમ જહાજ, INS સુરત, વિશ્વના સૌથી મોટા અને સૌથી અત્યાધુનિક ડિસ્ટ્રોયરમાં સ્થાન ધરાવે છે. P17A સ્ટીલ્થ ફ્રિગેટ પ્રોજેક્ટનું પ્રથમ જહાજ, INS નીલગિરી ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ ડિઝાઇન બ્યુરો દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યું છે અને તેમાં અદ્યતન સુવિધાઓનો સમાવેશ થાય છે જ્યારે INS વાઘશીર, સબમરીન બાંધકામમાં ભારતની વધતી જતી કુશળતાનું પ્રતિનિધિત્વ કરે છે. મુલાકાત દરમિયાન, શ્રી. મોદી નવી મુંબઈના ખારઘર ખાતે ઇસ્કોન મંદિરનું ઉદ્ઘાટન પણ કરશે. નવ એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં અનેક દેવી-દેવતાઓ સાથેનું મંદિર, વૈદિક શિક્ષણ કેન્દ્ર, પ્રસ્તાવિત સંગ્રહાલયો અને સભાગૃહ, ઉપચાર કેન્દ્ર, વગેરેનો સમાવેશ થાય છે.**

. . . . . . . . . . . . . . .

## KUMBH 2025

**આજે** પોષી પૂનમનાં રોજ  ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનો પ્રારંભ અમૃત સ્નાન સાથે થયો છે.

### (MUSIC: KUMBH OPNING)

લાખો ભક્તો, યાત્રીઓ અને મુલાકાતીઓ ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી સંગમ ખાતે આવેલા વિવિધ ઘાટ પર પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે. કુંભ મેળો 26 ફેબ્રુઆરીનાં રોજ મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે. છેલ્લા અહેવાલ પ્રમાણે 60 લાખથી વધુ ભાવિકોએ સંગમમાં પવિત્ર ડુબકી લગાવી હતી.
પ્રસ્તુત છે... અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## (બાઇટ- આનંદ)

મહાકુંભ માટે સાત સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલિસે પાણીની નીચે ડ્રોન અને એઆઇ-સક્ષમ કેમેરા સહિતની આધુનિક ટેકનલોજીનો ઉપયોગ કર્યો છે. ભારતીય રેલ લાખો શ્રધ્ધાળુઓને પ્રયાગરાજ લાવવા લઈ જવા માટે 3 હજાર 300 વિશેષ ટ્રેનો સહિત 10 હજારથી વધુ ટ્રેનોનું સંચાલન કરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રયાગરાજમાં મહાકુંભનાં શુભારંભ પ્રસંગે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

સોશિયલ મિડીયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ મહાકુંભને ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિમાં માનતા કરોડો લોકો માટે વિશેષ દિવસ ગણાવ્યો હતો.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## EAM - SPAIN VISIT

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર આજ થી  સ્પેનની બે દિવસની સત્તાવાર મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન, ડૉક્ટર જયશંકર સ્પેનના ટોચનાં નેતાઓને મળશે અને તેમના સ્પેનિશ સમકક્ષ મેન્યુઅલ આલ્બારેસ સાથે દ્વિપક્ષીય સંબંધો તથા પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. તેઓ સ્પેનિશ રાજદૂતોના ૭મા વાર્ષિક પરિષદને પણ સંબોધિત કરશે અને ભારતીય સમુદાયને મળશે.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH-LOHRI

આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, દિલ્હી, જમ્મુ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં લણણીના  તહેવાર લોહરીની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. આજના દિવસે સૂર્ય ઉત્તર ગોળાર્ધ તરફની યાત્રા શરૂ કરતો હોવાથી શિયાળાનો અંત આવે છે અને ઉનાળાની શરૂઆત થાય છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ દેશવાસીઓને આજે લોહરીની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આવતી કાલે ઉજવવામાં આવનારા મકરસંક્રાંતિ, પોંગલ અને માઘ બિહુ તહેવારો માટે પણ શુભેચ્છા પાઠવી છે.

ગૃહમંત્રી અમિત શાહે આનંદ અને ઉત્સાહના તહેવાર લોહરી ની દેશવાસીઓ ને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. શાહે આ તહેવાર દરેકના જીવનમાં ખુશી અને સમૃદ્ધિ લાવે તેમ કહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# YAMAN BLAST

મધ્ય યમનના અલ બાયદા પ્રાંતમાં એક ગેસ સ્ટેશન પર થયેલા વિસ્ફોટમાં, 15 લોકો માર્યા ગયા છે અને 67લોકો ઘાયલ થયા છે. આરોગ્ય અધિકારીઓએ રવિવારે આ માહિતી આપી.

હુતી બળવાખોરો દ્વારા સંચાલિત, આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વિસ્ફોટ શનિવારે બાયદા પ્રાંતના જહેર જિલ્લામાં થયો હતો.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, વિસ્ફોટમાં ઘાયલ થયેલા 67લોકોમાંથી 40 લોકોની હાલત ગંભીર છે. બચાવ ટીમો પણ ગુમ થયેલા લોકોને શોધી રહી છે. હાલમાં વિસ્ફોટનું કારણ સ્પષ્ટ નથી.

. . . . . . . . . . . . . . . .

# RUNWAY - FLIGHTS RESCHEDULED

**તિરુવનંતપુરમ આંતરરાષ્ટ્રીય હવાઇમથકનો રનવે નવીનીકરણના કામને લીધે  આજે દિવસ દરમિયાન  બંધ રહેશે. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે રનવેની સપાટી સંપૂર્ણપણે બદલીને ફરીથી કાર્પેટિંગનું કામ કરવામાં આવશે. ગઈકાલથી શરૂ થયેલ નવીનીકરણ કાર્ય 29 માર્ચ સુધીમાં પૂર્ણ થવાની**

શક્યતા છે. ત્યાં સુધી રનવે દરરોજ સવારે 9 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન વિમાન સેવાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અને સંબંધિત એરલાઇન્સ મુસાફરોને નવા સમય વિશે માહિતી આપવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, વિમાનના ટેકઓફ અને લેન્ડિંગ માટે આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરવા માટે રનવેની સપાટીનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# US-WILDFIRES

અમેરિકાના લોસ એન્જલસમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં 24 લોકોના મૃત્યુ થયા છે. 40 હજાર એકર વિસ્તારમાં ફેલાયેલી આગમાં 12 હજાર 300થી વધુ ઇમારતો નાશ પામી છે. લોસ એન્જલસના અગ્નિશમન દળના વડાના જણાવ્યા અનુસાર, મંગળવારે રાત્રે લાગેલી આગ ઇતિહાસની સૌથી વિનાશક આગમાંની એક છે.

જેના કારણે ૧૦ લાખથી વધુ રહેવાસીઓને અસરગ્રસ્ત વિસ્તાર છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. લોસ એન્જલસ કાઉન્ટીએ ધુમાડાથી થતા ગંભીર આરોગ્ય જોખમોને ટાંકીને આરોગ્ય કટોકટી જાહેર કરી છે. આગને કાબુમાં લેવા માટે અગ્નિશમન દળો સતત પ્રયત્ન કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# KHO KHO WORLD CUP

આજથી નવી દિલ્હીનાં ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રથમ ખો-ખો વિશ્વકપનો પ્રારંભ થઈ રહ્યો છે. ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનનાં સહયોગમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં પુરુષોની 20 અને મહિલાઓની 19 ટીમો ભાગ લઈ રહી છે.

ખો-ખો ફેડરેશન ઓફ ઇન્ડિયાએ 15 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. પ્રતિક વાઇકરનાં વડપણ હેઠળની ભારતીય ટીમ આજે ગ્રુપ એમાં નેપાળ સામે રમશે. ડાંગ જિલ્લાની વતની ઓપીના ભીલાર ભારતીય ટીમ વતી રમશે. ભારતીય ટીમમાં સ્થાન મેળવનાર ઓપીના ગુજરાતની એક માત્ર ખેલાડી છે.

મેચ રાત્રે સાડા આઠ કલાકે શરૂ થશે. ડીડી સ્પોર્ટ્સ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ થશે.

. . . . . . . . . . . . . . . .